# પરિશિષ્ટ–૧

**સમગ્ર શિક્ષા, ગુજરાત ધ્વારા સંચાલિત કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં (કેજીબીવી) અને ગર્લ્સ હોસ્ટેલ માટે ફકત મહિલા (૧) વોર્ડન કમ હેડ ટીચર (ર) આસિસ્ટનટ વોર્ડન (૩) પૂર્ણ સમયના શિક્ષક (૪) હિસાબનીશની ભરતી**

સમગ્ર શિક્ષા અંતર્ગત કાર્યરત કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કેજીબીવી) અને ગર્લ્સ હોસ્ટેલ યોજના હેઠળ રાજયના અતિ છેવાડાના તેમજ ઓછા સ્ત્રી સાક્ષરતા દર ધરાવતા તાલુકાઓમાં કાર્યરત છે. આ નિવાસી શાળાઓમાં હાલની પરિસ્થિતિની ખાલી જગ્યાઓ, ભવિષ્યમાં ખાલી થનાર જગ્યાઓ તથા જીલ્લાવાર પ્રતિક્ષાયાદી તૈયાર કરવા માટે ૧૧ માસના કરાર આધારિત તદ્દન હંગામી ધોરણે (કોન્ટ્રાક્ટ બેઝ) **ફકત મહિલા ઉમેદવારો** પાસેથી **તા.૦૭.૦૫.૨૦૨૨ થી તા.૧૮.૦૫.૨૦૨૨** દરમ્યાન ON LINE અરજીઓ મંગાવવામાં આવે છે. **આ જાહેરાતમાં માત્ર ON LINE અરજીઓ જ સ્વીકારવામાં આવશે.**

| ક્રમ નં. | જગ્યાનું નામ | મહેનતાણું |
|---|---|---|
| ૧ | વોર્ડન કમ હેડ ટીચર (નિવાસી) (કેજીબીવી ટાઇપ-૧, ૨, ૩ અને ૪) | રૂ.૨૫,૦૦૦/- માસિક લેખે |
| ૨ | આસિસ્ટનટ વોર્ડન (નિવાસી) (કેજીબીવી ટાઇપ-૧, ૨, ૩ અને ૪) | રૂ.૧૫,૦૦૦/- માસિક લેખે |
| ૩ | પૂર્ણ સમયના શિક્ષક (નિવાસી) (ગણિત-વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, અંગ્રેજી અને ભાષા) (કેજીબીવી ટાઇપ-૧, ૨ અને ૩) | રૂ.૨૦,૦૦૦/- માસિક લેખે |
| ૪ | હિસાબનીશ બીન નિવાસી (કેજીબીવી ટાઇપ-૧, ૨ અને ૩) | રૂ.૮,૫૦૦/- માસિક લેખે |

**વય મર્યાદા:** - અરજી કરવાની છેલ્લી તારીખે ૪૫ વર્ષથી વધુ નહિં
**નિમણુંકનો પ્રકાર:** કરાર આધારિત તદ્દન હંગામી ધોરણે ૧૧ માસથી વધુ નહિં
ઉમેદવારોએ ઓનલાઇન (ON LINE) અરજી www.ssagujarat.org વેબસાઇટ પર જઇ Recruitment પર ક્લિક કરી, કરવાની રહેશે. ઓનલાઇન કરવા માટેની આવશ્યક લાયકાત, અરજી કરવાની રીત, ભરતીના નિયમો અને શરતોની સૂચના/માર્ગદર્શિકા વેબસાઇટ પર મુકેલ છે, જેને વાંચીને અરજી કરવાની રહેશે.
ઉમેદવારે અરજી જે જિલ્લા અને જે જગ્યા માટે કરેલ હશે તે જ માન્ય ગણાશે. ઉમેદવારે ઓનલાઇન કરેલ અરજીની પ્રિન્ટ કરી, પોતાની પાસે રાખવાની રહેશે. ઇન્ટવ્યું સમયે આ પ્રિન્ટ આઉટ, તેમજ નિયત લાયકાતના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ અને અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે.
**ઓનલાઇન અરજી શરૂ કરવાની તારીખ: ૦૭.૦૫.૨૦૨૨ (બપોરે ૧૨:૦૦ કલાકથી શરૂ)**
**ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ: તા.૧૮.૦૫.૨૦૨૨ (૨૩:૫૯ કલાક સુધી)**

સહી/-
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૭, ગાંધીનગર

# <u>પરિશિષ્ટ–૨</u>

## ૨.૧ સમગ્ર શિક્ષા અંતર્ગત કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કેજીબીવી) અને ગર્લ્સ હોસ્ટેલ અંતર્ગત હાલ ખાલી રહેલ વિવિધ જગ્યાઓની યાદી

| ક્રમ | જગ્યાનું નામ | કુલ ખાલી જગ્યાઓ |
|---|---|---|
| ૧ | વોર્ડન કમ હેડ ટીચર (નિવાસી)<br>(કેજીબીવી ટાઇપ-૧, ૨, ૩ અને ૪) | ૪૬ |
| ૨ | આસિસ્ટન્ટ વોર્ડન (નિવાસી)<br>(કેજીબીવી ટાઇપ-૧, ૨, ૩ અને ૪) | ૧૨૯ |
| ૩ | પૂર્ણ સમયના શિક્ષક (નિવાસી)<br>(ગણિત-વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, અંગ્રેજી અને ભાષા)<br>(કેજીબીવી ટાઇપ-૧, ૨ અને ૩) | ૫૯ |
| ૪ | હિસાબનીશ બીન નિવાસી<br>(કેજીબીવી ટાઇપ-૧, ૨ અને ૩) | ૭૪ |

- **ઉક્ત ખાલી જગ્યાઓ આખરી ન ગણતાં ભવિષ્યમાં જગ્યાઓની વધ–ઘટ નો ફેરફારને અવકાશ રહેશે.**

# પરિશિષ્ટ – ૩

## "ON LINE"અરજી કરવા સંબંધિત સૂચનાઓ

સમગ્ર શિક્ષા અંતર્ગત ભારત સરકાર અને ગુજરાત સરકાર ધ્વારા મંજુર થયેલ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયો ટાઈપ–૧ (ધોરણ–૬ થી ૮), ટાઈપ–૨ (ધોરણ–૬ થી ૧૦), ટાઈપ–૩ (ધોરણ–૬ થી ૧૨) અને ટાઈપ–૪ (ધોરણ–૯ થી ૧૨) પ્રકારની છે. આ કેજીબીવી યોજના – નિવાસી શાળાઓમાં હાલની પરિસ્થિતિની ખાલી જગ્યાઓ અને ભવિષ્યમાં ખાલી થનાર જગ્યાઓ માટે ૧૧ માસના કરાર આધારિત તદન હંગામી ધોરણે (કોન્ટ્રાકટ બેઈઝ) નીચે દર્શાવેલ શરતો અને સૂચનાને આધિન માત્ર ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. તેમજ જાહેરાતમાં જણાવ્યા મુજબ ફકત **મહિલા ઉમેદવારોની ઓનલાઈન અરજીઓ સ્વીકારવામાં આવશે.**

**૧.** **ફકત મહિલા ઉમેદવારોએજ ઓનલાઈન અરજી નિયત સમય મર્યાદામાં કરવાની રહેશે.**

૨. ઓનલાઈન સિવાયની કોઈપણ અરજી જિલ્લા/રાજય કક્ષાની કચેરીએ સ્વીકારવા કે માન્ય રાખવામાં આવશે નહિં. ઓનલાઈન અરજી **તા.૦૭/૦૫/૨૦૨૨ થી (૧૨:૦૦ કલાક થી શરૂ)** થશે.

૩. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી **તા.૧૮/૦૫/૨૦૨૨ છે. (૧૭:૦૦ કલાક સુધી)**

૪. ઉમેદવારે જુદી જુદી જગ્યા માટે જુદી જુદી અરજી કરવાની રહેશે. એક જગ્યા માટે એક કરતાં વધુ અરજી કરેલ હશે તો છેલ્લે કરેલી અરજી માન્ય ગણવામાં આવશે.

૫. આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન કરારના ધોરણે ૧૧ માસથી વધુ નહી તેટલી મુદતની રહેશે.

૬. ઉમેદવારની વયમર્યાદા ઓન–લાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ૪૫ વર્ષ સુધીની રહેશે.

**૭.** **માસિક ફિકસ મહેનતાણું જુદી જુદી જગ્યા માટે નીચે મુજબ રહેશે.**

| ક્રમ નં. | જગ્યાનું નામ | મહેનતાણું |
|---|---|---|
| ૧ | વોર્ડન કમ હેડ ટીચર (નિવાસી) (કેજીબીવી ટાઇપ-૧, ૨, ૩ અને ૪) | રૂ.૨૫,૦૦૦/- માસિક લેખે |
| ૨ | આસિસ્ટનટ વોર્ડન (નિવાસી) (કેજીબીવી ટાઇપ-૧, ૨, ૩ અને ૪) | રૂ.૧૫,૦૦૦/- માસિક લેખે |
| ૩ | પૂર્ણ સમયના શિક્ષક (નિવાસી) (ગણિત-વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, અંગ્રેજી અને ભાષા) (કેજીબીવી ટાઇપ-૧, ૨ અને ૩) | રૂ.૨૦,૦૦૦/- માસિક લેખે |
| ૪ | હિસાબનીશ બીન નિવાસી (કેજીબીવી ટાઇપ-૧, ૨ અને ૩) | રૂ.૮,૫૦૦/- માસિક લેખે |

## **કેજીબીવી અને ગર્લ્સ હોસ્ટેલકક્ષાએ ઉકત જુદી જુદી જગ્યાઓની લાયકાત નીચે મુજબ છે.**

**લાયકાતના ધોરણો :**

**(૧) વોર્ડન કમ હેડ ટીચર – નિવાસી (કેજીબીવી–ટાઈપ–૧, ૨, ૩ અને ૪)**

**આવશ્યક લાયકાત :** સૂચિત જગ્યા માટે ફકત મહિલા ઉમેદવાર માન્ય યુનિવર્સીટીની કોઈપણ વિષયમાં સ્નાતક કક્ષાએ ૪૫% સાથે પાસ તથા અનુસ્નાતક અને બી.એડ. ની લાયકાત ફરજિયાત ધરાવતા હોવા જોઈએ.

**અનુભવ :**

– કેજીબીવીમાં કામ કરતાં શૈક્ષણિક સ્ટાફનો ફરજિયાત ૩ (ત્રણ) વર્ષનો સવેતન અનુભવ ધરાવતા હોવા જોઈએ.

– અન્ય સંસ્થા માટે સરકાર માન્ય નિવાસી શાળા વ્યવસ્થામાં કામગીરી/સંચાલનનો ૩ (ત્રણ) વર્ષનો અનુભવ ફરજિયાત ધરાવતા હોવા જોઈએ.

**(નોંધ : સ્નાતક, અનુસ્નાતક અને બી.એડ. પછીનો જ અનુભવ માન્ય ગણાશે.)**

**મહેનતાણું : માસિક ફિક્સ રૂા.૨૫,૦૦૦/–**

**(૨) આસિસ્ટન્ટ વોર્ડન– નિવાસી (કેજીબીવી–ટાઈપ–૧, ૨, ૩ અને ૪)**

**આવશ્યક લાયકાત :** સૂચિત જગ્યા માટે ફકત મહિલા ઉમેદવાર માન્ય યુનિવર્સીટીની કોઈપણ વિષયમાં સ્નાતકમાં ૪૫% સાથે પાસ અને બી.એડ. ની લાયકાત ફરજિયાત ધરાવતા હોવા જોઈએ.

**અનુભવ :**

– ઉમેદવાર શિક્ષણક્ષેત્રમાં ફરજિયાત ૧ વર્ષનો સવેતન અનુભવ ધરાવતા હોવા જોઈએ.

**(નોંધ : સ્નાતક અને બી.એડ. પછીનો જ અનુભવ માન્ય ગણાશે.)**

**મહેનતાણું : માસિક ફિક્સ રૂા.૧૫,૦૦૦/–**

**૩. પૂર્ણ સમયના શિક્ષક**

**(૩.૧) પૂર્ણ સમયના શિક્ષક (ગણિત–વિજ્ઞાન)–નિવાસી (કેજીબીવી–ટાઈપ–૧, ૨ અને ૩)**

**આવશ્યક લાયકાત :** સૂચિત જગ્યા માટે ફકત મહિલા ઉમેદવાર માન્ય યુનિવર્સીટીની બી.એસ.સી., બી.એડ.–ગણિત–વિજ્ઞાન (ગણિત, આંકડાશાસ્ત્ર, ભૌતિક શાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન, વનસ્પતિશાસ્ત્ર, પ્રાણિશાસ્ત્ર અને ભુસ્તરશાસ્ત્ર) પૈકી કોઈપણ એક અથવા વધારે મુખ્ય વિષય સાથે ૪૫% સાથે પાસ કરેલ હોવા જોઈએ અને બી.એડ. + ટેટ–II પાસ ફરજિયાત હોવા જોઈએ.

**મહેનતાણું : માસિક ફિક્સ રૂા.૨૦,૦૦૦/–**

**(૩.૨) પૂર્ણ સમયના શિક્ષક (સામાજિક વિજ્ઞાન)–નિવાસી (કેજીબીવી–ટાઈપ–૧, ૨ અને ૩)**

**આવશ્યક લાયકાત :** સૂચિત જગ્યા માટે ફકત મહિલા ઉમેદવાર માન્ય યુનિવર્સીટીની – સામાજિક વિજ્ઞાન બી.એ. માં (ઈતિહાસ, ભૂગોળ, નાગરિક શાસ્ત્ર, રાજયશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન) બી.કોમ. (અર્થશાસ્ત્ર સાથે) વિષય સાથે ૪૫% સાથે પાસ કરેલ હોવા જોઈએ અને બી.એડ. + ટેટ–II પાસ ફરજિયાત હોવા જોઈએ.

**મહેનતાણું : માસિક ફિક્સ રૂા.૨૦,૦૦૦/–**

**(૩.૩) પૂર્ણ સમયના શિક્ષક (ભાષા)–નિવાસી (કેજીબીવી–ટાઈપ–૧, ૨ અને ૩)**

**આવશ્યક લાયકાત :** સૂચિત જગ્યા માટે ફકત મહિલા ઉમેદવાર માન્ય યુનિવર્સીટીની – ભાષા બી.એ.માં (ગુજરાતી, હિન્દી અને સંસ્કૃત) વિષય સાથે ૪૫% સાથે પાસ કરેલ હોવા જોઈએ અને બી.એડ. + ટેટ–II પાસ ફરજિયાત હોવા જોઈએ.

**મહેનતાણું : માસિક ફિકસ રૂા.૨૦,૦૦૦/–**

**(૩.૪) પૂર્ણ સમયના શિક્ષક (અંગ્રેજી)–નિવાસી (કેજીબીવી–ટાઈપ–૧, ૨ અને ૩)**

**આવશ્યક લાયકાત :** સૂચિત જગ્યા માટે ફકત મહિલા ઉમેદવાર માન્ય યુનિવર્સીટીની – બી.એ.માં અંગ્રેજી વિષય સાથે ૪૫% સાથે પાસ કરેલ હોવા જોઈએ અને બી.એડ. + ટેટ–II પાસ ફરજિયાત હોવા જોઈએ.

**મહેનતાણું : માસિક ફિકસ રૂા.૨૦,૦૦૦/–**

**(૪) હિસાબનીશ – બીન નિવાસી (કેજીબીવી–ટાઈપ–૧, ૨ અને ૩)**

**આવશ્યક લાયકાત :** સૂચિત જગ્યા માટે ફકત મહિલા ઉમેદવાર માન્ય યુનિવર્સીટીની સ્નાતકકક્ષાએ ૪૫% સાથે બી.કોમ./બીબીએ માં મુખ્ય વિષય એકાઉન્ટન્સી સાથેની લાયકાત ફરજિયાત ધરાવતાં હોવા જોઈએ. તેમજ ટેલી સોફટવેરનો સર્ટીફીકેટ કોર્ષ સરકાર માન્ય સંસ્થામાંથી ફરજિયાત કરેલ હોવો જોઈએ.

**મહેનતાણું : માસિક ફિકસ રૂા.૮,૫૦૦/–**

**ગુણાંકન**

**(૧) વોર્ડન કમ હેડ ટીચર – નિવાસી (કેજીબીવી–ટાઈપ–૧, ૨, ૩ અને ૪)**

- સ્નાતકમાં મેળવેલ ગુણના ૫૦%
- અનુસ્નાતકમાં મેળવેલ ગુણના ૧૫%
- બી.એડ. માં મેળવેલ ગુણના ૨૫%
- અનુભવના પત્યેક વર્ષના ૧ (એક) ગુણ પ્રમાણે મહત્તમ ૧૦%

**(૨) આસિસ્ટન્ટ વોર્ડન–નિવાસી (કેજીબીવી–ટાઈપ–૧, ૨, ૩ અને ૪)**

- સ્નાતકમાં મેળવેલ ગુણના ૫૦%
- અનુસ્નાતકમાં મેળવેલ ગુણના ૧૫%
- બી.એડ. માં મેળવેલ ગુણના ૨૫%
- અનુભવના પત્યેક વર્ષના ૧ (એક) ગુણ પમાણે મહત્તમ ૧૦ %

**૩. પૂર્ણ સમયના શિક્ષક**

**(૩.૧) પૂર્ણ સમયના શિક્ષક (ગણિત–વિજ્ઞાન) નિવાસી (કેજીબીવી–ટાઈપ–૧, ૨ અને ૩)**

- બી.એસ.સી. માં મેળવેલ ગુણના ૨૦%
- એમ.એસ.સી. માં મેળવેલ ગુણના ૦૫%
- બી.એડ. માં મેળવેલ ગુણના ૨૫%
- (/TET-II) માં મેળવેલ ગુણના ૫૦%

**(૩.૨) પૂર્ણ સમયના શિક્ષક (સામાજિક વિજ્ઞાન) નિવાસી (કેજીબીવી–ટાઈપ–૧, ૨ અને ૩)**

- બી.એ./બી.કોમ. માં મેળવેલ ગુણના ૨૦%
- એમ.એ./એમ.કોમ. માં મેળવેલ ગુણના ૦૫%
- બી.એડ. માં મેળવેલ ગુણના ૨૫%
- (TET-II) માં મેળવેલ ગુણના ૫૦%

**(૩.૩) પૂર્ણ સમયના શિક્ષક (ભાષા) નિવાસી (કેજીબીવી–ટાઈપ–૧, ૨ અને ૩)**

- બી.એ. માં મેળવેલ ગુણના ૨૦%
- એમ.એ. માં મેળવેલ ગુણના ૦૫%
- બી.એડ. માં મેળવેલ ગુણના ૨૫%
- (TET-II) માં મેળવેલ ગુણના ૫૦%

**(૩.૪) પૂર્ણ સમયના શિક્ષક (અંગ્રેજી) નિવાસી (કેજીબીવી–ટાઈપ–૧, ૨ અને ૩)**

- બી.એ. માં મેળવેલ ગુણના ૨૦%
- એમ.એ. માં મેળવેલ ગુણના ૦૫%
- બી.એડ. માં મેળવેલ ગુણના ૨૫%
- (TET-II) માં મેળવેલ ગુણના ૫૦%

**(૪) હિસાબનીશ – બીન નિવાસી (કેજીબીવી–ટાઈપ–૧, ૨ અને ૩)**

- B.Com/BBA એકાઉન્ટન્સી વિષયમાં મેળવેલ ગુણના ૭૦%
- ટેલી સર્ટિફિકેટ કોષ ધરાવતા 30%

૮. ઉમેદવાર કોમ્પ્યુટર અંગેનું જ્ઞાન ફરજીયાત ધરાવતો હોવા જોઈએ. આ અંગેનો જરૂરી આધાર રજુ કરવાનો રહેશે. આ અંગે સરકારશ્રીના ભરતી અંગેના પ્રર્વતમાન નિયમોનુસારનો આધાર રજુ કરવાનો રહેશે.

૯. કોઈપણ ઉમેદવારનો અનુભવ માંગેલ જરૂરી શૈક્ષણિક લાયકાત પૂર્ણ થયા પછીનો માન્ય ગણાશે.

૧૦. ઉમેદવારે ઓનલાઈન અરજીમાં દર્શાવેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાતો, અનુભવની વિગતોમાં ઓરીજનલ પ્રમાણપત્રોની ચકાસણી વખતે ક્ષતિ જણાશે તો, ઉમેદવારની કોઈપણ રજુઆત ગ્રાહય રખાશે નહિં તેમજ મેરીટ લીસ્ટ ઉપરથી તેમની ઉમેદવારી રદ ગણવામાં આવશે.

૧૧. આ જાહેરાત કે ભરતીમાં કોઈપણ કારણોસર ફેરફાર કે રદ કરવાની આવશ્યતા ઉભી થાય તો, તેમ કરવાનો સમગ્ર શિક્ષા, સ્ટેટ પ્રોજેકટ કચેરી, સેકટર–૧૭, ગાંધીનગરને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે. તેમજ ઉપરોકત જગ્યાઓની ભરતી અંગેના કોઈપણ નિર્ણયો માટે સમગ્ર શિક્ષા કચેરીને હકક અબાધિત રહેશે. સમગ્ર શિક્ષા કચેરી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહિં.

૧૨. (૧) અરજી કર્યાબાદ ઉમેદવાર ધ્વારા ભરતી કે નિમણૂંક અંગે ટેલિફોનીક અથવા પત્ર વ્યવહાર ધ્વારા લાગવગ/ભલામણ કરવામાં આવશે તો તે ઉમેદવારની અરજી રદ કરવામાં આવશે. (૨) બનાવટી, ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરિતી આચરવામાં આવી હશે તો ઉમેદાવારની અરજી રદ કરવામાં આવશે. (૩) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતીની છુપાવવા હોય તેવા નિવેદનો કરવાના સંજોગોમાં પણ કોઈપણ તબકકે ઉમેદવારી અથવા કરાર આધારિત નિમણૂંક રદ કરવામાં આવશે.

૧૩. ભરતી પ્રક્રીયા પૂર્ણ થયાબાદ ઉમેદવારને મેરીટ મુજબ પસંદ કરેલ જગ્યા માટે નિમણૂંક આપવામાં આવશે. આ અંગે કોઈપણ ઉમેદવાર જગ્યાની નિમણૂંક સબંધે વારંવાર કચેરીને ભલામણ કરતો જણાશે તો તેની નિમણૂંક રદ કરવામાં આવશે.

૧૪. સમગ્ર શિક્ષા અંતર્ગત હાલ કરાર આધારિત નિમણૂંક પામેલ કોઈપણ કર્મચારી અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારની નિમણૂંક નવી નિમણૂંક ગણાશે અને જાહેરાતમાં દર્શાવ્યા મુજબનું ફિકસ મહેનતાણું મળવાપાત્ર રહેશે.

૧૫. મેરીટ લીસ્ટ તૈયાર કરી, ઓનલાઈન મુકવામાં આવશે.

૧૬. જે તે જગ્યા માટે દર્શાવેલ વિષયની લાયકાત સિવાયની અન્ય લાયકાત દર્શાવીને અરજી Confirm કરેલ હશે તો તે પણ રદ કરવામાં આવશે.

૧૭. ઉમેદવાર પોતે કોઈપણ જગ્યાની આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવાપાત્રથી સબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો હકક/દાવો કરી શકશે નહિ. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે સમગ્ર શિક્ષા પ્રોજેકટની સેવા સારૂ તે નિયત કરેલ લાયકાત, શરતો અનુસાર યોગ્ય જણાતો નથી તો જે તે તબકકે આવા ઉમેદવારોને તેની નિમણૂંક "રદ" કરીને પડતો મુકી શકાશે. નિમણૂંક બાબતે એસએસએનો નિર્ણય આખરી ગણાશે.

૧૮. જેઓને જિલ્લા કક્ષાએથી કોઈ ગેરશિસ્ત બાબતે કારણસર છુટા કરવામાં આવેલ હશે તેઓ અરજી કરવાને પાત્ર રહેશે નહી. જો આમ કરવામાં આવેલ હશે તો રાજય/જિલ્લાકક્ષાએ સદર બાબતની જાણ થશે તો અધવચ્ચે કરાર રદ કરવામાં આવશે.

૧૯. આ નિમણૂંક ૧૧ માસના કરાર આધારિત છે. કરાર પૂર્ણ થતાં કરાર આપોઆપ સમાપ્ત ગણાશે. પ્રોજેકટને જરૂરીયાત જણાતા નવેસરથી કરાર કરવામાં આવશે.

૨૦. આ જાહેરાત આવ્યા બાદ જિલ્લાકક્ષાએ અગાઉની જે કોઈ પણ મેરીટ યાદી હશે તે રદ બાતલ ગણાશે.

૨૧. જે ઉમેદવારોએ અરજી કરતી વખતે જે માહિતી આપેલ હશે ત્યારબાદ નિમણૂંક વખતે અથવા નિમણૂંક બાદ પણ જો ખોટી માહિતી આપેલ હોવાનું સાબિત થશે તેવા ઉમેદવારની નિમણૂંક તાત્કાલિક અસરથી રદ કરવાની રહેશે.

૨૨. તમામ પ્રકારના વિષયોની એટલે કે ગણિત/વિજ્ઞાન, ભાષા (અંગ્રેજી, હિન્દી, ગુજરાતી અને સંસ્કૃત) અને સામાજીક વિજ્ઞાન વિષયના શિક્ષકો ભરતી માટે શિક્ષણ વિભાગના જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોની નિમણૂંક કરવા બાબતના તા.૨૭.૪.૨૦૧૧ ના ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૧૧૦–૨૨૩–ક, સચિવાલય, ગાંધીનગર પ્રમાણે રાખીએ. (અગાઉની ભરતીમાં આ પરિપત્રને જ અનુસરી લાયકાત અને મેરીટની સુચના જિલ્લાને પત્ર કરેલ છે.) તેમજ આ ઠરાવમાં થયેલ વખતોવખતના ફેરફારને ધ્યાને લેવાના રહેશે.

૨૩. ઓનલાઈન અરજી Submit કર્યા બાદ સ્ક્રીન પર દર્શાવવામાં આવેલ Application number નોંધી લેવાનો રહેશે.


૨૪. ઉમેદવારે ઓનલાઈન અરજી કરવા માટે સૌ પ્રથમ **Registration** કરવાનું રહેશે જેમાં ઉમેદવારે પોતાનું નામ, માતાનું નામ, જન્મતારીખ, ઈમેલ, મોબાઈલ નંબર, પાસવર્ડ, ઉમેદવારનો તાજેતરનો ફોટો અને સહીનો નમૂનો **200 kb** થી વધે નહી તે રીતે સ્કેન કરી **Upload**

કરવાના રહેશે. Registration ફોર્મમાં આપેલ Email Address પર Account Activate કરવા અંગેનો ઈમેલ આવશે. જેમાં <u>Click here To Activate</u> પર Click કરવાથી આપનું Register કરેલ Account Activate થશે. ત્યારબાદ Login થઈ જે તે જગ્યા સામે Apply Button પર Click કરી અરજી કરવાની રહેશે.

૨૫. On line Application Save કર્યા બાદ જો અરજીમાં કોઈ ભૂલ જણાય તો Edit Button પર કલીક કરી આપની અરજીમાં સુધારો કરી શકાશે.

૨૬. આપની અરજીને Confirm Button પર કલીક કરી આપની અરજીને Submit કરવાની રહેશે. **<u>Submit કરેલી અરજી જ માન્ય ગણાશે</u>** અને Submit થયા પછી અરજી પત્રકની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે.

૨૭. **<u>Submit કરેલી અરજીમાં કોઈપણ પ્રકારનો સુધારો–વધારો કરી શકાશે નહિં જેની નોંધ લેવી.</u>**



## પરિશિષ્ટ – ૪
## ઓનલાઈન ફોર્મ ભરવા અંગેની માર્ગદર્શિકા

**ખાસ નોંધ :**

૧. ફોર્મ કોલમ અનુક્રમ નંબર મુજબ જ ભરવું.

૨. એક કરતાં વધુ પ્રયત્ને પાસ થયા હોય તેવા અરજદારે :

- છેલ્લે પાસ કરેલ પરીક્ષાનો સીટ નંબર અને વર્ષ લખવું.
- તમામ માર્કશીટના ગુણનો સરવાળો કરી એન્ટ્રી કરવી, દા.ત. પહેલા પ્રયત્નમાં કુલ ૭૦૦ માંથી ૪૫૦ ગુણ ને બીજા પ્રયત્નમાં કુલ ૪૦૦ માંથી ૩૦૦ ગુણ મેળવેલ હોય તો કુલ ગુણમાં ૧૧૦૦ (૭૦૦+૪૦૦) અને મેળવેલ ગુણમાં ૭૫૦(૪૫૦+૩૦૦) એન્ટર કરવા.

૩. જયારે સ્ક્રીન પર Please Wait દર્શાવતું હોય ત્યારે કોઈ પણ એન્ટ્રી કરવી નહી.

૪. તમામ માહિતી અંગ્રેજીમાં ભરવાની રહેશે.

૫. કેટલીક યુનિવર્સિટીની માર્કશીટમાં ગ્રેડ પધ્ધતિ અનુસાર ઉમેદવારના કુલ ગુણમાંથી મેળવેલ ગુણ દર્શાવેલ હોતા નથી. આવા ઉમેદવારોએ જે તે યુનિવર્સિટીમાંથી કુલ ગુણ/મેળવેલ ગુણ અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. તે મુજબ ગુણ દર્શાવવાના રહેશે. જો ઉમેદવાર આ પ્રકારનું પ્રમાણપત્ર રજુ ન કરી શકે તો ગ્રેડ પધ્ધતિમાં દર્શાવેલ ગ્રેડના રેન્જની લઘુતમ ટકાવારી મુજબના ગુણ અરજીપત્રકમાં ભરવાના રહેશે. કુલ ગુણ ૧૦૦૦ અને ટકાવારી અનુરૂપ મેળવેલ ગુણ દર્શાવવાના રહેશે. (દા.ત. જો ૭૧% હોય તો કુલ ગુણ ૧૦૦૦ અને મેળવેલ ગુણ ૭૧૦ દર્શાવવા)

(૧). **ઉમેદવારનું પુરૂ નામ:** અટક, નામ, અને પતિ/પિતાનું નામ તમારી માર્કશીટ પ્રમાણે એન્ટર કરો.

(૨). **પત્ર વ્યવહારનું સરનામું:** પત્ર વ્યવહાર માટે હાલના સરનામાંની વિગત એન્ટર કરો.

✓ "ફોન નંબર" માં તમારો ફોન નંબર એન્ટર કરો.
✓ "ઈમેલ એડ્રેસ" માં તમારું ઈમેલ એડ્રેસ એન્ટર કરો.
✓ "જન્મ તારીખ" માં "DD" માંથી તમારી જન્મની તારીખ પસંદ કરો. "MM" માંથી તમારા જન્મનો મહિનો પસંદ કરો. અને "Year" માંથી તમારા જન્મનું વર્ષ પસંદ કરો. તમારી ઉંમર આપોઆપ આવી જશે.
✓ "જાતિ" માં સ્ત્રી પસંદ કરો.

(૩). **શૈક્ષણિક લાયકાત:**

"શૈક્ષણિક લાયકાત" માં ડ્રોપ ડાઉનમાંથી નીચે પૈકીના વિકલ્પ માંથી પસંદગી કરો.

➢ **સ્નાતક / અનુસ્નાતક / અન્ય લાયકાત માટે:**

- ડ્રોપ બોક્ષમાં દર્શાવ્યા મુજબ વિકલ્પ પસંદ કરો.
- University / Organization / Institute માં University નું નામ લખવું.
- Year of Passing માં ડીગ્રી પાસ કર્યાનું વર્ષ એન્ટર કરો.
- Exam Seat No માં તમારો સીટ નંબર એન્ટર કરો.
- કુલ ગુણ અને મેળવેલ ગુણ એન્ટર કરો. ટકા આપોઆપ આવી જશે.
- તમારો પ્રયત્ન ડ્રોપ ડાઉનમાંથી સિલેકટ કરો.

(૪). અનુભવ : (આવશ્યક લાયકાત મેળવ્યા પછીનો જ અનુભવ એન્ટર કરવો)

- ➢ તમારા પહેલા અનુભવથી શરૂઆત કરી આખરી અનુભવ સુધી ક્રમ માંજ એન્ટ્રી કરો.
- ✓ દા.ત. company ABC માં 1-Jan-1990 થી 30-May-1995 સુધીનો અનુભવ હોય અને company XYZ 1-Jun-1995 થી 15-Dec-2001 સુધીનો અનુભવ હોય તો company ABC ની વિગત પ્રથમ એન્ટર કરો. તે પછી જ company ABC ની એન્ટ્રી કરો.
  તમામ વિગતો ભરી Submit પર કિલક કરો.

૬. ઓનલાઈન અરજી Submit કર્યા બાદ સ્ક્રીન પર દર્શાવવામાં આવેલ Application number નોંધી લેવાનો રહેશે.

૭. ઉમેદવારે ઓનલાઈન અરજી કરવા માટે સૌ પ્રથમ Registration કરવાનું રહેશે જેમાં ઉમેદવારે પોતાનું નામ, માતાનું નામ, જન્મતારીખ, ઈમેલ, મોબાઈલ નંબર, પાસવર્ડ, ઉમેદવારનો તાજેતરનો ફોટો અને સહીનો નમૂનો 200 kb થી વધે નહી તે રીતે સ્કેન કરી Upload કરવાના રહેશે. Registration ફોર્મમાં આપેલ Email Address પર Account Activate કરવા અંગેનો ઈમેલ આવશે. જેમાં Click here To Activate પર Click કરવાથી આપનું Register કરેલ Account Activate થશે. ત્યારબાદ Login થઈ જે તે જગ્યા સામે Apply Button પર Click કરી અરજી કરવાની રહેશે.

૮. On line Application Save કર્યા બાદ જો અરજીમાં કોઈ ભૂલ જણાય તો Edit Button પર કલીક કરી આપની અરજીમાં સુધારો કરી શકાશે.

૯. આપની અરજીને Confirm Button પર કલીક કરી આપની અરજીને Submit કરવાની રહેશે. **Submit કરેલી અરજી જ માન્ય ગણાશે** અને Submit થયા પછી અરજી પત્રકની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે.

૧૦. **Submit કરેલી અરજીમાં કોઈપણ પ્રકારનો સુધારો–વધારો કરી શકાશે નહિં જેની નોંધ લેવી.**

૧૧. ઉમેદવારે ઈન્ટરવ્યુ વખતે ઓનલાઈન કરેલ અરજીપત્રકની લીધેલ પ્રિન્ટ સાથે જરૂરી તમામ પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ તથા અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે.

**નોંધઃ–**

- પ્રિન્ટ કાઢયા પછી હાથ થી સુધારા/વધારા કરેલા અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહીં.
- ઈન્ટરવ્યુ માટેની સૂચના, મેરીટ લિસ્ટ વગેરે માટે ઓનલાઈન http://www.ssagujarat.org વેબસાઈટ જોતા રહેવાની રહેશે. અલગથી કોઈ પત્રવ્યવહાર કરવામાં આવશે નહિ.